# ૨.૭ ચૌદ રાજલોક (ઊર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક)

સર્વ જીવોના રહેવાના સ્થાન (ઠેકાણા)ને જૈન દર્શન. વિશ્વને કે જગતને આપણે ચૌદ રજ્જુ (રાજ)લોક કહીએ છીએ. **રજ્જુ** એક જાતનું માપ છે. અને તે માપથી માપતાં સમગ્ર વિશ્વલોક **ચૌદરાજલોક** પ્રમાણ થાય છે. માટે તેનું નામ **ચૌદરજ્જુલોક** પણ કહેવાય છે.

આકાશાસ્તિકાયના બે વિભાગ છે. લોકાકાશ અને અલોકાકાશ. જે આકાશ (ક્ષેત્ર) માં જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્મસ્તિકાય દ્રવ્યો રહેલાં છે તે લોકાકાશ કહેવાય છે. અને જે ક્ષેત્રમાં આકાશસ્તિકાય સિવાય અન્ય કોઈ જ દ્રવ્ય નથી તે સઘળો અલોકાકાશ છે. લોકાકાશની અપેક્ષાએ અલોકાકાશ અનેક ગણો મોટો છે.

લોકોકાશનું પ્રમાણ ઊંચાઈમાં ચૌદ રાજલોકનું છે. આ સમગ્ર ચૌદ રાજલોક તે જ લોકાકાશ, તે જ લોકાકાશ. તે અનાદિ-અનંત છે અને ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સ્વરૂપે સંયુક્ત છે.

આ લોકાકાશના ઊર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક એમ ત્રણ વિભાગ પડે છે. અત્યારની પ્રચલિત પરિભાષામાં એને અનુક્રમે સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક એમ કહી શકાય.

આ લોકાકાશનો આકાર કોઈ પુરૂષ જામો પહેરી, પોતાની કમ્મરે બને હાથ રાખી, પગ પહોળા કરી ઊભો હોય તે પ્રકારનો છે.

તેમાંના સાત રજ્જુમાં સાત નરક પૃથ્વીઓ હોવાથી નારકગતિમાં ઉત્પન્ન થયેલા નારકીના જીવોના સાત પ્રકાર પાડવામાં આવ્યા છે.

નીચેથી ગણતાં સાતમાં રજ્જુના પડ ઉપર મનુષ્યો અને તિર્યંચો રહે છે અને તેની ઉપર સૂર્ય, ચંદ્ર અને બીજા દેવો રહે છે. ઠેઠ ઉપરના મથાળે સિદ્ધશીલા છે. તેના ઉપર એક યોજન પછી કેવળ અલોક જ આવે છે. પૃથ્વીકાય વગેરે સૂક્ષ્મ જીવો એ ચૌદ રજ્જુલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા હોય છે.

ચપટા તળિયાવાળા ઊંધા વાળેલા કુંડા ઉપર થાળી મુકી. તેના ઉપર મૃદંગ (પખાવજ) વાજિંત્ર મૂકી, તેના ઉપર માણસનું માથું મૂકીએ, તેના જેવો આકાર થાય છે.

**ત્રસ નાડી :** આ લોક સંસ્થાનમાં ત્રસનાડી જેટલા ભાગમાં જ ત્રસ જીવો છે, અને સ્થાવર જીવો પણ છે. પરંતુ સ્થાવર જીવો આ ત્રસનાડીના બહારના ભાગમાં ઠાંસી ઠાંસીને સઘનપણે રહેલા છે, જે પૃથ્વીકાયાદિ સૂક્ષ્મ જીવો અને નિગોદના જીવો છે, એ જગ્યામાં ત્રસ જીવો નથી. તેથી જે ભાગમાં સ્થાવર જીવો તો છે જ, પણ ત્રસ જીવો હોવાથી આ જગ્યાને ત્રસનાડી કહેવાય છે.

**ત્રસનાડીના મુખ્ય ત્રણ વિભાગ છે.**

| | | | |
|---|---|---|---|
| ૧. | ઊર્ધ્વલોક | : | સ્વર્ગ કે દેવલોક, જ્યાં વૈમાનિક વગેરે દેવો રહે છે. |
| ૨. | તિર્છાલોક (મધ્યલોક) | : | (મૃત્યુલોક) મધ્યમાં હોવાથી મધ્યલોક કહેવાય છે. તેમાં સ્થાવર જીવો ઉપરાંત તિર્યંચ અને મનુષ્યો રહે છે. |
| ૩. | અધોલોક | : | પાતાળલોક કે જ્યાં નરકગતિના જીવો રહે છે. પહેલા નરકમાં એક ભાગમાં ઘણા આંતરે ભવનપતિ દેવો રહે છે. |

આ ત્રણે લોકના અગ્રભાગે સિદ્ધશીલા છે. ત્યાં સિદ્ધના જીવો વસે છે. મુક્ત હોવાથી તેઓ હવે સંસારના પ્રકારોથી મુક્ત છે. આ ચૌદ રાજલોકમાં **ચાર ગતિ** કહેવાય છે. : **દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક.** જીવમાત્ર સંસારી પણે આ ચારે ગતિમાં જન્મ-મરણ કરે છે. અનંતા કાળમાં જીવ આ લોકના એકેએક પ્રદેશને જન્મ-મરણથી સ્પર્શ કરી ચૂક્યો છે.

**ત્રસનાડી** બહાર સૂક્ષ્મ અને નિગોદના જીવો સઘનપણે રહ્યા છે.

**જંબૂદ્વીપની** બહાર સમુદ્રમાં ઘણા મોટા દેહધારી તિર્યંચ પંચેન્દ્રિય જીવો રહે છે.

**નોંધ :** જીવને રહેવાના ત્રણ લોક છે. ગતિ ચાર છે. યોનિ ચોરાશી લાખ છે. પ્રકાર અનંત છે.

jainuniversity.org

જેમ સરકારી જેલમાં ચાર વર્ગ હોય છે : પહેલા અને બીજામાં એવા કેદીઓ હોય છે કે તે સજ્જન હોય છે. પરોપકારી છે અને દેશદાઝવાળા છે; પણ સરકારી કાનૂન પ્રમાણે તેમના પર ગુનાનો આરોપ છે; ગુનો કર્યો નથી, તેથી સરકાર પણ તેની મર્યાદા સાચવે છે અને તેવા સજ્જનોને પહેલા કે બીજા વર્ગમાં મૂકે છે. આખરે નિર્દોષ ઠરીને તે જીવો મુક્ત થાય છે.

ત્રીજા – ચોથા વર્ગમાં કુકર્મ કરનારા, અજ્ઞાનવશ હિંસાદિ કરનારને પ્રાયે રાખે છે. અને તેમને ત્યાં સખત મજૂરી કરવી પડે છે. અન્ય પણ ઘણાં દુ:ખો ભોગવવા પડે છે. અને છૂટે ત્યારે પણ નિર્દોષ મનાતા નથી. તેમ આંશિક રીતે આપણે એટલું તો કરીએ કે ત્રીજા –ચોથા વર્ગમાં, તિર્યંચ અને નારકમાં જવું જ ન પડે દેવ, માનવ થઈને નિર્દોષ થઈ મુક્ત થઈએ.

**પંચેન્દ્રિયના ચાર પ્રકાર છે.**

પંચેન્દ્રિય જીવો – આ જીવોને સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય તથા શ્રોત્રેન્દ્રિય હોય છે.

**(૧) નારક :** અહીં પ્રથમ નારકના જીવોનું વર્ણન કહેવામાં આવે છે. નારકના જીવો અત્યંત દુ:ખવાળા છે. પોતાના ક્રૂર કર્મોને ભોગવવા ત્યાં જન્મે છે. તેઓના દુ:ખોનું વર્ણન જ્ઞાનીઓ પણ કરી શકતા નથી.

**(૨) તિર્યંચ :** તિર્યંચ ગતિના જીવો પણ અધિક દુ:ખવાળા છે. પરાધીનતા અને પરવશતા ઘણી હોય છે. ક્યારેક આંશિક સુખ ભોગવે છે.

**(૩) મનુષ્ય :** આ ગતિ સુખ –દુ:ખવાળી છે; પરંતુ સવિશેષતાએ છે કે મનુષ્યદેહે જીવ યોગ્યતાને પામીને પરિભ્રમણથી મુક્ત થઈ શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકે છે. આવું સંજ્ઞીપણું, વિચાર–શક્તિ સહીત જીવન પ્રાપ્ત થવું દુર્લભ છે.

**(૪) દેવ :** આ ગતિમાં જીવને સર્વ પ્રકારનાં ભૌતિક સુખો હોય છે; પરંતુ મનુષ્યગતિ જેવા ધર્મના સાધન કે સંયમની પ્રાપ્તિ થતી નથી અને દેવો સુખભોગમાં રાચીને પ્રાય: તિર્યંચગતિ પામે છે. સમકિતી દેવ એ સુખમાં પણ સભાન હોવાથી મનુષ્યદેહ ધારણ કરી મુક્તિ પામે છે.

jainuniversity.org

## ચૌદ રાજલોકના ત્રણ ભાગની વિશદ સમજ

### ઊર્ધ્વલોક

અહીં ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તરવિમાન છે. અને તેના શિરના અગ્ર સ્થાને છેક ઉપરના ભાગમાં ૪૫ લાખ યોજન લાંબી સિદ્ધસ્થાન – સિદ્ધશિલા છે, જેની ઉપર અનંત સિદ્ધ ભગવંતો વાસ છે. જે સિદ્ધગતિ પામે છે તે ઊર્ધ્વગમન કરી તે સિદ્ધશિલા ઉપર સ્થિત થાય છે. પણ ત્યાંથી અતિક્રમી ને અલોકાકાશમાં જઈ શકાતું નથી. કેમકે અલોકાકાશમાં ધર્માસ્તિકાય કે જેનો ગુણ ગતિ આપવાનો છે તે દ્રવ્ય નથી. તેથી સિદ્ધ જીવને ગતિ મળતી નથી. સિદ્ધસ્થાન પછી લોકાંત છે. આ ઊર્ધ્વલોકનો આકાર પખાજ જેવો છે.

ઊર્ધ્વલોકમાં વસતા દેવોના ચાર સમૂહ પ્રકાર છે. ૧. ભવનપતિ, ૨. વ્યંતર, ૩. જ્યોતિષ્ક, ૪. વૈમાનિક.

ભવનપતિના અસુરાદિક ૧૦ ભેદ છે. વ્યંતરના કિન્નર આદિ ૮ ભેદ છે. જ્યોતિષ્કના સૂર્ય–ચંદ્ર આદિ ૫ ભેદ છે અને વૈમાનિકના કલ્પોપન્ન અને કલ્પાતીત એવા ૨ ભેદ છે.

૧૨ કલ્પ અથવા સ્વર્ગમાં રહેનારા કલ્પોપન્ન છે. તે ૧૨ કલ્પોની ઉપર ગ્રૈવેયક દેવોનાં ૯ વિમાન છે. એની ઉપર ૫ અનુત્તરવિમાન છે. (વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ). આ બધા કલ્પાતીત દેવો છે. મનુષ્યલોકમાં કલ્પોપન્ન દેવો જાય છે. કલ્પાતીત દેવો પોતાનું સ્થાન છોડી કયાંય જતા નથી.

**દેવલોકમાં જન્મ** : ફૂલની શય્યામાં સૌન્દર્ય સહિત યૌવનપણે પીડા રહિત ઉપપાત જન્મ થાય છે. તેમનું શરીર વૈક્રિય હોય છે. નાનું – મોટું થઈ શકે છે.

**સુખ** : ભૌતિક કે પૌદ્‌ગલિક દૃષ્ટિએ દેવલોકમાં મનુષ્યલોક કરતાં ઘણાં સુખ-વૈભવનાં સાધનો ઉપલબ્ધ હોય છે. આયુષ્ય લાંબા અને દેહ નીરોગી હોય છે.

**દેવગતિનું કારણ** : બાળતપ, સામાન્ય પ્રકારના વ્રત, સરાગ સંયમ, દાનાદિ પ્રવૃતિ દેવગતિનું કારણ છે. છતાં દુ:ખ પોતાના વૈભવનાં સાધનો કરતાં ઉપરના દેવોનો અતિ વૈભવ જોઈ ઈર્ષ્યાથી દુ:ખી થાય છે. મૃત્યુ પહેલાં છ માસ રહે,ત્યારે કંઠમાં રહેલી માળા કરમાવાથી મૃત્યુના ભયથી અને નીચી કોટિના જન્મથી દુ:ખ પામે છે.
જે દેવો સમક્તિ નથી તે દેવો પ્રાયે અતિ સુખભોગની તૃષ્ણાને પરિણામે તિર્યંચમાં જન્મ લે છે. મનુષ્ય-જન્મ થાય તો પણ ગર્ભનું દુ:ખ ભોગવવું પડે છે. જે દેવો સમકિતી છે, તે દેવલોકના સુખમાં અતિ લુબ્ધ થતા નથી અને પોતે ભાવના કરે છે કે મનુષ્ય જન્મ પામી, સંયમ પાળી શાશ્વત સુખ પામશું.

**ક્ષેત્ર** : ભવનપતિદેવો અને વ્યંતર દેવો : તિર્છાલોકની રત્નપ્રભા નામની પૃથ્વીના વિસ્તારના ઘણા અંતરે, અમુક સ્થાનોમાં મોટાં ભવનોમાં હોય છે. તેમને નરકનાં દુર્ગંધાદિનો કોઈ અવરોધ થતો નથી. શહેરના સુંદર અદ્યતન અને શ્રીમંતના આવાસોની આસપાસઝૂંપડાં હોય છે, તેમ કથંચિત્ જાણવું.

**વ્યંતર દેવો** : રત્નપ્રભા નારકની પૃથ્વીના અમુક આંતરે પર્વતો, ગુફા કે રળિયામણા જંગલમાં રહે છે. મધ્યલોકના દેવો નીચેના ભાગમાં હોય છે.

**જ્યોતિષ્ક દેવો** : ચર (ફરતા) જ્યોતિષી દેવોના પ્રકાશમાન વિમાનો મેરુપર્વતની આસપાસ ફરે છે. તે ચર જ્યોતિષી સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા છે. અઢીદ્વીપની બહાર જે તે અચર (સ્થિર) જ્યોતિષી દેવો છે. તે મધ્યલોકની ઉપરના ભાગમાં છે.

**વૈમાનિક દેવો** : પ્રકાર બે છે.
જેમનું નિવાસ સ્થાન વિમાન છે, તેથી તે વૈમાનિક દેવો કહેવાય છે. તેઓ વિમાનમાં ઉત્પન્ન થાય છે. ઊર્ધ્વલોકમાં છે.

**નવગ્રૈવેયક દેવો** : બાર દેવલોકથી ઉપર નવ ગ્રૈવેયક દેવોનાં ક્ષેત્ર હોય છે. તે દેવો કલ્પાતીત છે.

**પાંચ અનુત્તર વિમાનવાસી દેવો:** નવ ગ્રૈવેકની સમાંતરે પાંચ અનુત્તર વિમાન છે. ચાર દિશામાં ચાર અને વચમાં સર્વાર્થસિદ્ધનું વિમાન છે. આ દેવો કલ્પાતીત(આચારની મર્યાદાથી મુક્ત) છે. પ્રાય: એકભવી છે.

ભવનપતિ, વ્યંતર, વાણવ્યંતર, જ્યોતિષી દેવો કલ્પોપપન્ન છે. નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનવાસી દેવો કલ્પાપીત છે.

**(૧) કલ્પોપન્ન** – જેમાં મંત્રી, રક્ષક, સેવકો જેવી વ્યવસ્થા હોય છે.

**(૨) કલ્પાતીત** – જેમાં સેવ્ય-સેવક ભાવ નથી.

jainuniversity.org

# દેવની વિશેષતા

## ભવનપતિ

આ દેવોના આવાસો વિશાળ ભવન જેવા હોય છે. તેઓ તેમાં રહેતાં હોવાથી ભવનપતિ કહેવાય છે. સામાન્ય રીતે આ દેવો સ્વભાવે મૃદુ ભાષી, મધુર ગતિવાળા અને કીડાશીલ હોય છે. દેખાવમાં સૌંદર્યવાન અને કુમાર અવસ્થા જેવા હોવાથી કુમાર પણ કહેવાય છે.

આ દેવોમાં અસુર–નિકાયના દેવો હોય છે. તે પરમાધર્મી દેવો કહેવાય છે. તે હલકાં કૃત્યો કરનારા, અધર્મ–વૃત્તિવાળા હોય છે. ખાસ કરીને કૂતુહલવશ અને પૂર્વકર્મકૃત વૈરભાવથી નરકમાં જઈ નારકીઓને અસહ્ય દુ:ખ આપે છે. મારવા, કાપવા, ખાંડવા વગેરે પ્રકારે અત્યંત પીડા ઉપજાવે છે. અત્યંત ક્રૂર–પરિણામી આ જીવો, દેવનું આયુષ્ય પૂરું થતાં અંડગોલિક મનુષ્યપણે ઊપજે છે. સમુદ્રની અંધકારમય ગુફામાં જન્મીને મહાદુ:ખ પામે છે.

**નોંધ :** દેવ મરીને દેવ કે નારક થતા નથી. નારકી મરીને નારક કે દેવતા થતાં નથી.

## વ્યંતર : વાણવ્યંતર દેવો

વિવિધ પ્રકારના અંતરે રહેનારા તથા વનોમાં રહેનારા હોવાથી વ્યંતર અને વાણવ્યંતર કહેવાય છે. મધ્યલોકમાં અને અધોલોકમાં તેઓનું આવાગમન(અવરજવર) હોય છે. મિત્રભાવે કોઈ જીવને સહાય કરે અને વૈરભાવે કોઈકને હેરાન પણ કરે. (ભૂત–પ્રેત જેવા નામથી લોક પ્રસિદ્ધ છે.) વિવિધ રૂપ ધરી શકે છે.

તીર્થંકર, ચક્રવર્તી જેવા પુણ્યશાળી પુરુષોની સેવામાં હાજર રહે છે. ભક્તિ કરનાર ઉપર પ્રસન્ન થઈ વરદાન આપે અને વેર લેવા શાપ પણ આપે. આ જન્માદિ કલ્યાણકો વખતે ધન–ધાન્યાદિથી તેમના ભંડારો ભરપૂર કરી દે છે.

## જ્યોતિષી દેવો

ચર જ્યોતિષ્ક દેવોનાં વિમાનો ફરતાં હોય છે. અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યલોકની ઉપર તેમનું પરિભ્રમણ હોય છે.

## વૈમાનિક દેવો:

jainuniversity.org

કલ્પોપન્ન બાર દેવલોક છે. તેમા સેવક રૂપે કંઈક હલકા પ્રકારના દેવો કિલ્બિષિક કહેવાય છે. ૯ લોકાંતિક દેવો છે તે (તીર્થંકરને સંસાર પરિત્યાગ સમયે વિનંતિ કરવા આવે છે.) આ બાર દેવલોકની વચમાં કિલ્બિષિયા દેવો રહે છે, જે સેવકનું કામ કરે છે.

## નવગ્રૈવેયક:

બાર દેવલોકની ઉપર તેમનો વાસ છે. ઉત્કૃષ્ટ તપ જેવાં કારણોથી મનુષ્ય અહીં ઉત્પન્ન થાય છે. અભવી જીવ પણ આ દેવલોક સુધી યોગ્ય કાળે ઉત્પન્ન થાય છે.

## પાંચ અનુત્તર વિમાનવાસી દેવો :

આ દેવો કેવળ આત્મચિંતનમાં રમણ કરનારા હોય છે અને તેઓ એકાવતારી હોય છે.

| **૬૪ ઇન્દ્રો : દેવોનો રાજા** | | | **કુલ ઇન્દ્રો** |
|---|---|---|---|
| દસ ભવનપતિના | ૧૦ | ૧૦ | ૨૦ |
| ૮ વ્યંતર, ૮ વાણવ્યંતરના | ૧૬ | ૧૬ | ૩૨ |
| જ્યોતિષ્કના સૂર્ય-ચંદ્ર | ૦૧ | ૦૧ | ૦૨ |
| વૈમાનિક દેવના ૯-૧૦-૧૧-૧૨નો (એક એક) | ૦૨ | ૦૨ | ૦૪ |
| બીજા ૬ વિમાનોના (૧૨ દેવલોકના ૧૦) | ૦૩ | ૦૩ | ૦૬ |
| | | કુલ | ૬૪ |

દેવોના પેટા પ્રકાર વિભાગ કુલ ૧૯૮ છે:

| **ભવનપતિ :** | | **વ્યંતર** | | **વૈમાનિક** | | **જ્યોતિષી** | |
|---|---|---|---|---|---|---|---|
| ભવનપતિ | ૧૦ | વ્યંતર | ૦૮ | દેવલોક | ૧૨ | સ્થિર | ૦૫ |
| પરમાધામી | ૧૫ | વાણવ્યંતર | ૦૮ | ગ્રૈવેયક | ૦૯ | અસ્થિ | ૦૫ |
| કુલ | ૨૫ | તિર્યક્જૃંભક | ૧૦ | લોકાંતિક | ૦૯ | કુલ | ૧૦ |
| | | કુલ | ૨૬ | અનુત્તર | ૦૫ | | |
| | | | | કિલ્બિષિયા | ૦૩ | | |
| | | | | કુલ | ૩૮ | | |

ભવનપતિ + વ્યંતર + વૈમાનિક + જ્યોતિષી

૨૫ + ૨૬ + ૩૮ + ૧૦ = ૯૯

૯૯ પર્યાપ્તા + ૯૯ અપર્યાપ્તા = કુલ ૧૯૮

## મધ્યલોક

આ લોકનુ તિર્યક્ (તિર્છા) લોક પણ કહે છે. આ મધ્યલોકમાં મનુષ્ય, તિર્યંચ, વ્યંતર તેમજ જ્યોતિષ્ક દેવતા રહે છે. મધ્યલોકમાં દ્વીપો અને સમુદ્રો અસંખ્યાત છે. તે દ્વીપ-સમુદ્રદ્વીપ એ ક્રમથી ગોઠવાયેલા છે. જંબૂદ્વીપ બધાની વચમાં છે. તેનો ચારે બાજુનો વિસ્તાર એક લાખ યોજનનો છે. એને વીંટળાયેલા લવણસમુદ્રનો વિસ્તાર જંબુદ્વીપથી બમણો છે. લવણસમુદ્રને વીંટળાઇને ધાતકીખંડ આવેલો છે. તેનો વિસ્તાર લવણસમુદ્રથી બમણો છે. ધાતકીખંડને વલયાકારે વીંટળાયેલો કાલોદધિ સમુદ્ર છે. એનો વિસ્તાર ધાતકીખંડથી બમણો છે અને કાલોદધિ ફરતે આવેલો પુષ્કરદ્વીપનો વિસ્તાર તેનાથી બમણો છે. આ ક્રમ છેવટના દ્વીપ સ્વયંભૂરમણ સુધીનો છે. પુષ્કરદ્વીપના ગોળ ફરતા બે ભાગ ફરતો માનુષોત્તર પર્વત છે. તેની આ તરફનો ભાગ તે પુષ્કરાર્ધ દ્વીપ છે. આ રીતે જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરાર્ધદ્વીપ મળીને અઢીદ્વીપ થાય છે.

જંબૂદ્વીપની મધ્યમાં મેરુપર્વત છે. તેમાં સાત ક્ષેત્રો છે. તેનાં નામ ભરત, હૈમવત, હરિવર્ષ, હરિવિદેહ, રમ્યક્, હિરણ્યવત અને ઐરવત છે. સાતેય ક્ષેત્રોને પરસ્પરથી જુદા પાડતા છ પર્વતો છે. તે વર્ષધર કહેવાય છે. અનુક્રમે તેમનાં નામ હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રૂકમી અને શિખરી છે.

જંબૂદ્વીપની અપેક્ષાએ ધાતકીખંડમાં મેરુ, વર્ષ અને વર્ષધરની સંખ્યા બમણી છે. મેરુ,વર્ષ અને વર્ષધરની એટલી જ સંખ્યા પુષ્કરાર્ધદ્વીપમાં પણ છે. આ રીતે સરવાળો કરતાં અઢીદ્વીપમાં કુલ પાંચ મેરુ, ત્રીસ વર્ષધર, પાંત્રીસ ક્ષેત્રો, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ, પાંચ મહાવિદેહના ૧૦૮ વિજય, પાંચ ભરત તેમજ પાંચ ઐરવતના ૨૫૫ આર્યદેશ છે. અઢીદ્વીપ ફક્ત લવણસમુદ્રમાં ૫૬ અંતરદ્વીપ કહેવાય છે. બાકીના મનુષ્યક્ષેત્રમાં તે વિદેહ અને લબ્ધિના નિમિત્તથી દેખાય છે. દિવસ-રાત વગેરે વ્યવહાર અઢીદ્વીપમાં જ પ્રવર્તે છે અને મનુષ્યના જન્મ-મરણ પણ આ અઢીદ્વીપમાં જ થાય છે. (વિશેષ માટે જુઓ વિવરણ ૩.૩.૨ અઢીદ્વીપ) આ મધ્યલોક કુલ ૧૮૦૦૦ યોજનનો છે અને એનો આકાર ઝાલર જેવો બરાબર લંબાઇ પહોળાઇવાળો છે.

## અધોલોક:

લોકનો નીચેનો ભાગ અધોલોક છે. તેમાં જુદી જુદી સાત પૃથ્વી છે. એમાં નરકવાસી જીવો રહે છે. એટલે એને સાત નરકભૂમિઓ પણ કહે છે. તે સાતેય એકબીજાથી નીચે છે. જેમ ભૂમિ નીચેની તેમ એની લંબાઈ-પહોળાઈ અધિક હોય છે. એ સાતેય ભૂમિઓ એકબીજાને અડીને રહેલી નથી પણ વચમાં બહુ મોટાં અંતરો હોય છે.

નરકની આ સાત ભૂમિનાં નામ ઉપરથી નીચે અનુક્રમે રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ:પ્રભા અને તમ:તમ:પ્રભા છે. પહેલી નરકભૂમિ રત્નપ્રભાને બાદ કરતા બાકીની છ ભૂમિમાં દ્વીપ, સમુદ્ર, પર્વત, સરોવર કે ગામ કાંઈ જ નથી. વળી આ ભૂમિઓમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતનાં તિર્યંચ, મનુષ્ય કે દેવ કોઈ નથી. ત્યાં ફક્ત નારકી જીવો છે. પરમાધાર્મિક નામના નરકપાલ દેવો પહેલી ત્રણ નરકભૂમિમાં હોય છે. આ નરકભૂમિઓ ઘનામ્બુ, વાત અને આકાશ ઉપર સ્થિર થયેલી છે.

| | નરકભૂમિ | નરકાવાસ | સંખ્યા | લક્ષણ | જાડાઈ-ઊંચાઈ યોજન પ્રમાણ |
|---|---|---|---|---|---|
| ૧. | રત્નપ્રભા | ધમ્મા | ૩૦ લાખ | રત્નોવાળી | ૧,૮૦,૦૦૦ |
| ૨. | શર્કરાપ્રભા | વંશા | ૨૫ લાખ | કાંકરાવાળી | ૧,૩૨,૦૦૦ |
| ૩. | વાલુકાપ્રભા | શેલા | ૧૫ લાખ | રેતીવાળી | ૧,૨૮,૦૦૦ |
| ૪. | પંકપ્રભા | અંજના | ૧૦ લાખ | કાદવવાળી | ૧,૨૦,૦૦૦ |
| ૫. | ધૂમપ્રભા | રિષ્ટા | ૩ લાખ | ધૂમાડાવાળી | ૧,૧૮,૦૦૦ |
| ૬. | તમ: પ્રભા | મઘા | ૧ લાખ | અંધકારવાળી | ૧,૧૬,૦૦૦ |
| ૭. | તમ:તમપ્રભા | માઘવતી | ૯૯,૯૯૫ | ગાઢઅંધકારવાળી | ૧,૦૮,૦૦૦ |

આ રીતે ઉર્ધ્વ – અધો અને તિર્ચ્છા લોકમાં જ ચાર ગતિ અને ૮૪ લાખ યોનિઓ આવેલી છે. સમગ્ર બ્રહ્માંડ – વિશ્વ – જગત્ જે કહો તે આ ચૌદ રાજલોકમાં જ આવેલું છે. આનાથી વિશેષ કે અધિક એક પણ ક્ષેત્ર સ્વતંત્ર આવેલું નથી. સિદ્ધશીલા પણ લોકના અગ્રભાગ ઉપર આવેલી છે.

jainuniversity.org